**GUJARAT ENERGY TRANSMISSION CORPORATION LIMITED**
**STATE LOAD DISPATCH CENTRE**
132 KV Substation Campus, Gotri
Vadodara – 390 021.
Telephone No.(0265) 6531132/2352103 (D),Fax No.(0265) 2352019
Web site: www.sldcguj.com, Email:sldc@gebmail.com

**ગુજરાત વિદ્યુત  નિયમન આયોગ**

**૬ઠો માળ,ગીફ્ટ-૧, રોડ-૫ સી, ઝોન-૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર ૩૮૨ ૩૫૫**

**ની સમક્ષ**

**સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, ગોત્રી, વડોદરા.**

અરજદાર :

નીચેના સંદર્ભમા

ઉપરોકત અરજદાર સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર, ૧૩૨ કેવી સબસ્ટેશન, કમ્પાઉન્ડ, ટી. બી. હોસ્પીટલની સામે, ગોત્રી, વડોદરા દ્વારા નામદાર ગુજરાત વિદ્યુત  નિયમન આયોગ સમક્ષ નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે ટુ અપ તથા નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે એસએલડીસી ચાર્જીસ નિયત બાબતેની અરજી કેસ નંબર ૧૫૪૬/૨૦૧૫ દ્વારા વીજ અધિનિયમ ૨૦૦3 ની કલમ ૬૨ તથા મલ્ટી ઈયર ટેરીફ ફ્રેમ વર્ક  રેગ્યુલેશન, ૨૦૧૧ ની જોગવાઈ હેઠળ કરાયેલ છે.

**સૂચના**

ઉપરોકત અરજદાર સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર વડોદરાએ નામદાર ગુજરાત વિદ્યુત નિયમન આયોગ સમક્ષ નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે ટ્રુ અપ તથા નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭  પ્રોવીઝનલ  માટે એસએલડીસી ચાર્જીસ નિયત કરવા બાબતેની અરજી નંબર  ૧૫૪૬/૨૦૧૫ દ્વારા વીજ અધિનિયમ ૨૦૦3ની કલમ ૬૨ તથા ગુજરાત વિદ્યુત નિયમન આયોગ (કાર્ય સંચાલન અને વેપાર) નિયમન ૨૦૦૪ તથા મલ્ટી ઈયર ટેરીફ ફ્રેમ વર્ક રેગ્યુલેશન, ૨૦૧૧, ગુજરાત વિદ્યુત નિયમન આયોગ નિયમન ૫/૨૦૦૫ અને સુઓમોટો પીટીશન ઓડર નં. ૧૫૩૪/૨૦૧૫ તા. ૦૨.૧૨.૨૦૧૫, ની જોગવાઈ હેઠળ કરેલી અરજી નામદાર આયોગની વિચારણા  હેઠળ  છે.

ઉપરોકત બાબતે મલ્ટી ઈયર ટેરીફ ફ્રેમ વર્ક રેગ્યુલેશન, ૨૦૧૧ ની જોગવાઈ ની રૂએ આથી સંબંધીત વ્યકિતઓ / સંસ્થાઓ વિગેરે પાસેથી સદર અરજી પરત્વે સુચનો તથા વાંધાઓ મંગાવવામાં આવે છે.  જે ગુજરાત વિદ્યુત નિયમન આયોગની કચેરીમાં ઉપર મુજબના સરનામે સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયમન આયોગને તા. ૨૩.૦૧.૨૦૧૬ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.  સુચનો / વાંધાઓ નોંધાવનાર આસામીએ તેમની રજુઆતો સાથે સંબંધીત પ્રમાણભુત દસ્તાવેજો પણ રજુ કરવાના રહેશે તથા આ બાબતની અરજીની પાંચ નકલો પ્રમાણીત મુસદા પ્રમાણે સોંગંદનામું કરીને પુરી પાડવાની રહેશે.  જેની એક નકલ નીચેના સરનામે પહોંચતી કરવાની રહેશે.

સદર અરજીની નકલ રસ ધરાવતા વ્યકિત / સંસ્થાના નિરક્ષણ માટે મુખ્ય ઈજનેર (એસએલડીસી) સ્ટેટ  લોડ ડિસ્પેચ સેન્ટર, ૧૩૨ કેવી સબસ્ટેશન, કમ્પાઉન્ડ, ટી. બી. હોસ્પીટલની  સામે, ગોત્રી, વડોદરા ૩૯૦ ૦૨૧ ની કચેરી ખાતે ઉપલબ્ધ છે.

સદર અરજીની નકલો મુખ્ય ઈજનેર (એસએલડીસી) સ્ટેટ  લોડ ડિસ્પેચ સેન્ટર, ૧૩૨ કેવી સબસ્ટેશન, કમ્પાઉન્ડ, ટી. બી. હોસ્પીટલની સામે, ગોત્રી, વડોદરા ૩૯૦ ૦૨૧ થી જરૂરી રકમ ભરપાઈ કરવાથી મળી શકશે.  સંબંધીત દસ્તાવેજો ખરીદવા માટે કિંમત રૂા. ૫૦/- (અંકે રૂપિયા પચાસ પુરા) પ્રતિ નકલ નકકી કરવામાં આવી છે.

ટપાલથી નકલ મેળવવા માટે નકલ દીઠ ટપાલ ખર્ચ પેટે  રૂા. ૫૦/- (અંકે રૂપિયા પચાસ પુરા) વધારાના સહિતની રકમ મનીઓર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ, વડોદરા નામે મોકલવાના રહેશે.  ઉપરોકત દસ્તાવેજો કંપનીની વેબ સાઈટ www.sldcguj.com  ઉપરથી પણ મેળવી શકાશે.

**સ્ટેટ  લોડ ડિસ્પેચ સેન્ટર, વડોદરા, વતી**

**મુખ્ય ઈજનેર**

**એસએલડીસી (ગોત્રી)**